FORTUNA PR



| Publication | Economic Times Gujurati | Date | 21-06 -2017 | Page No. | 03 |
|---|---|---|---|---|---|
| Client Name | Kamdhenu | Edition | All Editions | | |



# કામધેનુ લિમિટેડ ઉત્પાદન ક્ષમતા વધારીને બે લાખ એમટી કરશે

ઇટી બ્યૂરો

અમદાવાદ

હોમ બિલ્ડિંગ મટિરિયલ્સ માટે સોલ્યુશન પૂરાં પાડતી કંપની કામધેનુ લિમિટેડે નેક્સ્ટ જનરેશન હાઈ-એન્ડ ઈન્ટરલોક સ્ટીલ ટીએમટી બાર 'કામધેનુ નેક્સ્ટ' અમદાવાદમાં લોન્ચ કર્યા હતા.

કામધેનુ લિમિટેડના ડિરેક્ટર સુનિલ અગ્રવાલે જણાવ્યું હતું કે, "અમદાવાદ વિકાસની પરાકાષ્ઠાએ છે. આગામી વર્ષે અમે રાજ્યમાં અમારી ઉત્પાદન ક્ષમતા વધારીને બે લાખ મેટ્રિક ટન કરવાની યોજના ધરાવીએ છીએ અને આશા છે કે કામધેનુ નેક્સ્ટને સ્વતંત્ર હોમ બિલ્ડર્સ અને ડેવલપર્સ તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડશે. નવીન પ્રોડક્ટ દ્વારા ટર્નઓવરમાં એક વર્ષમાં ૨૦ ટકા વધારો થવાની ધારણા છે." કામધેનુ નેક્સ્ટ બાર એ વિશેષ રીતે ડિઝાઈન કરાયેલા અને કોંક્રિટ મિક્સ સાથે સારું ઈન્ટરલોકનું બેન્ચમાર્ક છે અને તે માળખાને વધુ પાવર આપે છે, જે ભૂકંપ વગેરે જેવાં બાહ્ય પરિબળોની અસરથી માળખાને સુરક્ષિત રાખે છે. આ વિશેષતાઓથી કામધેનુ નેક્સ્ટ પુલ, ફ્લાયઓવર, ડેમ, થર્મલ અને હાઈડલ પ્લાન્ટ્સ, ઈન્ડસ્ટ્રિયલ ટાવર, સ્કાયલાઈન બિલ્ડિંગ્સ, અન્ડરગ્રાઉન્ડ પ્લેટફોર્મ્સ જેવા કોંક્રિટની મજબૂતાઈ ધરાવતા માળખા માટે આદર્શ બની રહેશે. નેક્સ્ટ બાર એ સામાન્ય સ્ટીલ બાર્સની તુલનામાં ૨.૫ ગણું સારું અને મજબૂત ઈન્ટરલોકિંગ બોન્ડ ઓફર કરે છે.